સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **50**

(05/12/21 to 11/12/21)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



# PSI-ASI-કોન્સ્ટેબલ

મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક

**9,000 થી વધુ પ્રશ્ન-જવાબ**

- અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન-જવાબ
- 6 મહિનાનું કરંટ અફેર્સ
- આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો

NOW AVAILABLE




www.iceonline.in


**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**05 DEC-2021**

- દિવસ મહિમા : 5 ડિસેમ્બર, વિશ્વ મૃદા દિન (World Soil Day), આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ...... 02
- પાઈકા વિદ્રોહ : 1817 ...... 02
- QUESTION ANSWERS ...... 04

**06 DEC-2021**

- દિવસ મહિમા : 6 ડિસેમ્બર, નાગરિક સુરક્ષા દિવસ ...... 05
- ડેમ સેફ્ટી બિલ, 2019 ...... 05
- ન્યૂઝીલેન્ડના બોલર શ્રી એજાઝ પટેલે ટેસ્ટ મેચની એક ઈનિંગમાં તમામ 10 વિકેટ ઝડપીને ઈતિહાસ રચ્યો ...... 06
- રાષ્ટ્રીય બ્લોકચેન રણનીતિ ...... 07
- QUESTION ANSWERS ...... 08

**07 DEC-2021**

- દિવસ મહિમા : 7 ડિસેમ્બર, સશસ્ત્ર સેના ધ્વજ દિન, આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ ...... 09
- BWF વર્લ્ડ ટૂર 2021માં સુશ્રી પી. વી. સિંધુએ સિલ્વર મેડલ જીત્યો ...... 09
- ભારત અને માલદીવ વચ્ચે 'એકુવેરીન અભ્યાસ' યોજાયો ...... 09
- રશિયા 15 વર્ષ બાદ ડેવિસ કપમાં ચેમ્પિયન ...... 10
- QUESTION ANSWERS ...... 10

**08 DEC-2021**

- દિવસ મહિમા : 8 ડિસેમ્બર, સબમરીન દિવસ ...... 11
- ભારત-રશિયા સમિટ (Indian Russia Summit) 2021 ...... 11
- હોર્નબિલ ફેસ્ટિવલ ...... 13
- QUESTION ANSWERS ...... 14

**09 DEC-2021**

- દિવસ મહિમા : 9 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day) ...... 15
- 52મો International Film Festival of India (IFFI) ...... 15
- ભારતે 'વર્ટિકલ લોન્ચ-શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' (VL-SRSAM)નું પરીક્ષણ કર્યું ...... 16
- જ્ઞાનપીઠ એવોર્ડ 2020-21 ...... 17
- ભારતના પ્રથમ CDS શ્રી બિપિન રાવતનું નિધન ...... 18
- QUESTION ANSWERS ...... 20

**10 DEC-2021**

- દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Rights Day) ...... 22
- RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI-Monetary Policy Report-MPR) ...... 22
- 'મેં ભી ડિજિટલ 3.0 અભિયાન ...... 23
- વિશ્વ અસમાનતા રિપોર્ટ 2022 ...... 24
- QUESTION ANSWERS ...... 26

**11 DEC-2021**

- દિવસ મહિમા : 11 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day) ...... 27
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ને નિરીક્ષકનો દરજ્જો : સંયુક્ત રાષ્ટ્ર ...... 27
- રામાનુજન એવોર્ડ-2021 ...... 27
- QUESTION ANSWERS ...... 29

**ONE LINER** ...... 30

**QUESTION OF THIS WEEK** ...... 33


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 5 ડિસેમ્બર, (1) વિશ્વ મૃદા દિન (World Soil Day) (2) આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ

### વિશ્વ મૃદા દિન

સમગ્ર વિશ્વમાં 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ' (World Soil Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો અને સામાન્ય લોકોને માટીના મહત્ત્વથી વાકેફ કરવાનો છે.
- વર્ષ 2002માં આંતરરાષ્ટ્રીય મૃદા વિજ્ઞાન સંઘ દ્વારા 5 ડિસેમ્બરના રોજ 'વિશ્વ મૃદા દિવસ'ની ઉજવણી કરવાની ભલામણ કરી હતી. ત્યારબાદ **FAO**એ પણ તેમને સમર્થન કર્યુ હતું.
- ત્યારબાદ ડિસેમ્બર, 2013માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 68માં સત્રમાં 5 ડિસેમ્બરને 'વિશ્વ મૃદા દિન' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- પ્રથમ 'વિશ્વ મૃદા દિન' 5 ડિસેમ્બર, 2014ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

## પાઈકા વિદ્રોહ : 1817

તાજેતરમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે પાઈકા વિદ્રોહ ને પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ કહી ન શકાય.

- વર્ષ 2017માં ઓડિશા સરકારે માંગ કરી હતી કે પાઈકા વિદ્રોહને પ્રથમ 'સ્વતંત્રતા સંગ્રામ' તરીકે જાહેર કરવામાં આવે. અને તેમણે પાઈકા વિદ્રોહને પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ તરીકે જાહેર કરવા વિનંતી કરતો ઠરાવ પણ પસાર કર્યો હતો.
- ત્યારબાદ તાજેતરમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ તરીકે 1857ના સંગ્રામની જ ગણના કરવામાં આવશે.

### પાઈકા વિદ્રોહ

#### પાઈકાઓનો ઈતિહાસ

- પાઈકા શબ્દનું ઉચ્ચારણ 'પાઈકો' થાય છે. જેને શાબ્દિક રીતે 'પગદળના સૈનિકો' તરીકે ઓળખવામાં આવે છે.
- 'પાઈકા' શબ્દનો ઉડિયા ભાષામાં અર્થ યૌદ્ધા કે લડાકુ એવો થાય છે.
- પ્રાચીન કલીંગ સામ્રાજ્યના રાજા ખોરવાલના સમયથી પાઈકાની લડત શૈલી જાણીતી છે. પાઈકાની આ લડત શૈલીને 'પાઈકા અખાડા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગજપતિ શાસકોના સમયમાં તે એક લડાકુ વર્ગ તરીકે કાર્ય કરતા હતા તથા તેમના મહત્ત્વના નીતિ–નિર્ણયોના કાર્યોમાં પણ ભાગ લેતા હતા.
- પાઈકાઓને તેમની સૈન્ય સેવાના બદલામાં રાજાઓ તરફથી ભાડા–મુક્ત જમીન આપવામાં આવતી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


## પાઈકા વિદ્રોહ વિશે

ઈ.સ. <u>1803</u>થી <u>અંગ્રેજોનું</u> <u>ઓડિશા</u> પર પ્રભુત્વ વધી રહ્યું હતું. પરિણામે પાઈકાઓનું મહત્ત્વ ઘટી રહ્યું હતું.

- આ દરમિયાન અંગ્રેજોએ મહેસૂલી પદ્ધતિમાં ફેરફારો કર્યા અને પરિણામે પાઈકાઓની પરંપરાગત જમીન અંગ્રેજોની કર–નીતિ હેઠળ આવી.
- અંગ્રેજોની કર–નીતિના કારણે પાઈકાઓ, ખેડૂતો અને જમીનદારો એમ દરેક વર્ગને મુશ્કેલી પડી રહી હતી.
- ઉપરાંત અંગ્રેજો સ્થાનિક લોકો પર ત્રાસ ગુજારી રહ્યા હતા.
- અંતે વર્ષ 1817માં <u>'ખુર્દા'</u> કે <u>'ખોર્ધા'</u> વિસ્તારમાં અંગ્રેજોની સામે વિદ્રોહની શરૂઆત થઈ હતી.
- પાઈકા વિદ્રોહનું નેતૃત્વ <u>'બક્ષી જગબંધુ'</u> દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓ ખોર્ધાના રાજા 'બક્ષી' એટલે કે <u>'કમાન્ડર'</u> હતા.
- બક્ષી જગબંધુનું પૂરું નામ <u>'જગબંધુ વિદ્યાધર મોહપાત્ર ભ્રમરબર રાય'</u> હતું. તેઓ <u>'પાઈકા બક્ષી'</u> તરીકે પણ ઓળખાતા હતા.
- આ વિદ્રોહ દરમિયાન પાઈકાઓને સમાજના ઘણાં વર્ગો તથા રાજાઓ દ્વારા સહાય મળી હતી.
- ખોર્ધા તરફથી કૂચ દરમિયાન પાઈકાઓએ એક અંગ્રેજ પોલીસ–ચોકીમાં આગ ચાંપી હતી.
- તેઓનો વિદ્રોહ ખૂબ ઝડપથી ખોર્ધા, કટ્ટક, પૂરી, પિપલી અને ઓડિશાના અન્ય સ્થળોએ પ્રસર્યો હતો.
- મે 1817 સુધીમાં અંગ્રેજોએ આ વિસ્તારો પર પોતાનો કાબુ પાછો મેળવ્યો હતો, પરંતુ હજુ ઘણા પાઈકાઓ <u>'ગોરીલા યુદ્ધ પદ્ધતિ'</u>થી લડી રહ્યા હતા.
- ઈ.સ. <u>1819</u>માં સંપૂર્ણ રીતે વિદ્રોહ શાંત થયો હતો.
- બક્ષી જગબંધુની આખરે 1825માં ધરપકડ કરવામાં આવી હતી અને 1829માં જેલમાં જ તેનું મૃત્યુ થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

તર્કશક્તિ
REASONING
GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO,
નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે
વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક



www.iceonline.in

1. 'વિશ્વ મૃદા દિન' અથવા 'World Soil Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર (C)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આર્થિક સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ડિસેમ્બર (B) 4 ડિસેમ્બર (C) 5 ડિસેમ્બર (D) 6 ડિસેમ્બર (C)

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે કહ્યું હતું કે પાઈકા વિદ્રોહને પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ કહી ન શકાય. આ પાઈકા વિદ્રોહ કયા વર્ષે થયો હતો ?

(A) 1817 (B) 1825 (C) 1833 (D) 1857 (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. પાઈકા વિદ્રોહનું નેતૃત્વ કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) ભૂપેન્દ્રનાથ દત (B) બક્ષી જગબંધુ

(C) સચિન્દ્ર બક્ષી (D) વેલુ નાચીયાર (B)

5. પાઈકા વિદ્રોહ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) અંગ્રેજો સામે આ વિદ્રોહની શરૂઆત વર્ષ 1817માં ઓડિશાના ખૂર્દા વિસ્તારમાં થઈ હતી.

(B) આ વિદ્રોહનું નેતૃત્વ બક્ષી જગબંધુ દ્વારા કરવામાં આવ્યું હતું.

(C) આ વિદ્રોહ દરમિયાન ખોર્ધા તરફથી કૂચ દરમિયાન પાઈકાઓએ એક અંગ્રેજ પોલીસ–ચોકીમાં આગ ચાંપી હતી.

(D) ઉપરોક્ત તમામ સાચા (D)

## દિવસ મહિમા : 6 ડિસેમ્બર, નાગરિક સુરક્ષા દિવસ

## ડેમ સેફ્ટી બિલ, 2019

તાજેતરમાં સંસદે 'ડેમ સેફ્ટી બિલ, 2019' (Dam Safety Bill, 2019)ને મંજૂરી આપી છે.

- આ બિલનો ઉદ્દેશ્ય દેશમાં ડેમોનું નિરીક્ષણ, સર્વેક્ષણ, જાળવણી અને સંચાલન કરવાનો છે.
- ભારતમાં મોટા ભાગના ડેમો 100 વર્ષથી જૂના છે.

### બિલની મુખ્ય વિશેષતાઓ

### નેશનલ ડેમ સેફ્ટી કમિટી

- આ બિલમાં નેશનલ ડેમ સેફ્ટી કમિટીની સ્થાપના કરવાની જોગવાઈ છે.
- આ સમિતિની અધ્યક્ષતા 'સેન્ટ્રલ વોટર કમિશન'ના અધ્યક્ષ દ્વારા કરવામાં આવશે.
- સમિતિના કાર્યોમાં ડેમ સલામતી ધોરણો અને ડેમને થતા નુકશાનને અટકાવવા સંબંધિત નીતિઓ અને નિયમો ઘડવા તથા મોટા ડેમ તૂટવાના કારણોનું વિશ્લેષણ અને ડેમ સુરક્ષા પ્રણાલીમાં ફેરફાર સૂચવવાનો સમાવેશ થશે.

### નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી

- આ બિલમાં 'નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટી' (NDSA)ની સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી છે.
- તેનું નેતૃત્વ અધિક સચિવના હોદ્દાથી નીચે ન હોય તેવા અધિકારી દ્વારા કરવામાં આવશે અને તેની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે.
- નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટીના કાર્યોમાં નેશનલ ડેમ સેફ્ટી કમિટી દ્વારા ઘડવામાં આવેલી નીતિઓનો અમલ કરવાનો સમાવેશ થાય છે.
- NDSA ડેમના નિર્માણ, ડિઝાઈન અને ફેરફાર પર કામ કરતી એજન્સીઓને માન્યતા આપશે.

### રાજ્ય ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન

- સૂચિત કાયદા હેઠળ રાજ્ય સરકારો દ્વારા 'સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઈઝેશન' (SDSOS)ની સ્થાપના કરવામાં આવશે, જેનું કાર્ય ડેમનું સતત નિરીક્ષણ કરવાનું છે. તથા તેમની કામગીરી અને જાળવણી પર દેખરેખ રાખવાનું છે. આ ઉપરાંત તમામ ડેમનો ડેટાબેઝ જાળવી રાખવાનું છે.

### ડેમ માલિકોની જવાબદારીઓ

- આ બિલમાં ઉલ્લેખિત ડેમ માલિકોએ દરેક ડેમ માટે સલામતી એકમ સ્થાપિત કરવું જરૂરી છે.
- આ એકમ ચોમાસાની ઋતુ પહેલા અને પછી તથા દરેક ધરતીકંપ, પૂર અથવા અન્ય કોઈપણ આફત કે તકલીફના સંકેત દરમિયાન અને પછી ડેમોનું નિરીક્ષણ કરશે.
- ડેમ માલિકો ઈમર્જન્સી એક્શન પ્લાન તૈયાર કરવો પડશે અને દરેક ડેમ માટે ચોક્કસ સમયાંતરે નિયમિત જોખમનું મૂલ્યાંકન કરવું પડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સજા

- આ બિલ બે પ્રકારોના અપરાધોનો ઉલ્લેખ કરે છે. વ્યક્તિને તેના કાર્યોમાં વિઘ્ન નાખવું અને સૂચિત કાયદા હેઠળ જારી કરાયેલા નિર્દેશોનું પાલન કરવાનો ઈન્કાર કરવો.
- આરોપીઓને એક વર્ષ સુધીની મુદતની કેદ અથવા દંડની સજા થશે. જો ગુનો મૃત્યુમાં પરિણમ્યો હોય તો કેદની મુદત બે વર્ષ સુધી લંબાવી શકાય છે.

## ન્યૂઝીલેન્ડના બોલર શ્રી એજાઝ પટેલે ટેસ્ટ મેચની એક ઈનિંગમાં તમામ 10 વિકેટ ઝડપીને ઈતિહાસ રચ્યો




ન્યૂઝીલેન્ડના સ્પિનર બોલર શ્રી એજાઝ પટેલે ભારત સામેની ટેસ્ટ મેચમાં એક ઈનિંગમાં તમામ 10 વિકેટ ઝડપીને ઈતિહાસ રચ્યો છે.

- ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ સિદ્ધિ મેળવનાર તેઓ ત્રીજા ખેલાડી છે.
- આ અગાઉ 1956માં ઈંગ્લેન્ડના શ્રી જિમી લેકરે અને વર્ષ 1999માં ભારતના શ્રી અનિલ કુંબલેએ આ સિદ્ધિ મેળવી છે.

### ટેસ્ટ ક્રિકેટમાં એક ઈનિંગમાં 10 વિકેટ પ્રાપ્ત કરનાર ખેલાડીઓ

| ક્રમ | ખેલાડીનું નામ | દેશ | વર્ષ |
|---|---|---|---|
| 1 | શ્રી જિમી લેકર | ઈંગ્લેન્ડ | 1956 |
| 2 | શ્રી અનિલ કુંબલે | ભારત | 1999 |
| 3 | શ્રી એજાઝ પટેલ | ન્યૂઝીલેન્ડ | 2021 |

નોંધ : (1) શ્રી એજાઝ પટેલનો જન્મ 21 ઓક્ટોબર, 1988ના રોજ મુંબઈ ખાતે થયો હતો.

(2) શ્રી એજાઝ પટેલનો પરિવાર મૂળ ભરૂચ જિલ્લાના ટંકારિયા ગામનો વતની છે.

(3) શ્રી એજાઝ પટેલ 8 વર્ષના હતા ત્યારે જ એમનો પરિવાર ન્યૂઝીલેન્ડ સ્થાયી થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાષ્ટ્રીય બ્લોકચેન રણનીતિ

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે તાજેતરમાં 'બ્લોકચેન પર રાષ્ટ્રીય રણનીતિ' બહાર પાડી છે.

- જે ટેક્નોલોજીના ઉપયોગના 44 સંભવિત ક્ષેત્રને ઓળખે છે અને વિવિધ ક્ષેત્રમાં તેનો લાભ કેવી રીતે લેવો તેની રૂપરેખા આપે છે.

### રાષ્ટ્રીય બ્લોકચેન રણનીતિ શું છે ?

તેનો હેતુ બ્લોકચેન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઈ–ગવર્નન્સ સેવાઓ પ્રદાન કરવા માટે વિશ્વસનીય ડિજિટલ પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે.


- તેમાં માનવ સંસાધન વિકાસ, સહયોગ, નિયમનકારી માળખું, ટેક્નોલોજી સ્ટેક અને ધોરણો વિકાસનો સમાવેશ થાય છે.

### મુખ્ય વિશેષતાઓ

રણનીતિ તબીબી પૂરવઠો અને રસીઓ માટે આ તક્નીકનો ઉપયોગ કરવાની સંભાવનાને ધ્યાનમાં લેશે.

- તે શાસનમાં પારદર્શિતા અને કાર્યક્ષમતામાં સુધારો કરશે.
- નીતિ આયોગે બ્લોકચેન ટેક્નોલોજીને આશાસ્પદ ટેક્નોલોજી તરીકે માન્યતા આપી છે.
- નીતિ આયોગ અનુસાર આ ટેક્નોલોજીમાં જવાબદારી અને વિકેન્દ્રીકરણ જેવી નોંધપાત્ર સુવિધા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'નાગરિક સુરક્ષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર (A)

2. તાજેતરમાં સંસદે 'ડેમ સેફટી બિલ, 2019'ને મંજૂરી આપી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલનો ઉદ્દેશ્ય દેશમાં ડેમોનું નિરીક્ષણ, સર્વેક્ષણ, જાળવણી અને સંચાલન કરવાનો છે.
2. આ બિલમાં નેશનલ ડેમ સેફટી કમિટીની સ્થાપના કરવાની જોગવાઈ છે.
3. આ બિલમાં 'નેશનલ ડેમ સેફટી ઓથોરિટી'ની સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં શ્રી એજાઝ પટેલે ટેસ્ટ ક્રિકેટની એક ઈનિંગમાં તમામ 10 વિકેટ ઝડપીને ઈતિહાસ રચ્યો હતો. તેઓ કયા દેશના પ્રસિદ્ધ બોલર છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ન્યૂઝીલેન્ડ (C) ઈંગ્લેન્ડ (D) ભારત (B)

4. નીચેના પૈકી કયા ક્રિકેટરે ટેસ્ટ મેચમાં એક ઈનિંગમાં તમામ 10 વિકેટ પ્રાપ્ત કરવાની સિદ્ધિ હાંસલ કરી છે ?

(A) શ્રી જિમી લેકર (B) શ્રી અનિલ કુંબલે (C) શ્રી એજાઝ પટેલ (D) ઉપરોક્ત તમામ (D)

5. 'રાષ્ટ્રીય બ્લોકચેન રણનીતિ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ઈલેકટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે તાજેતરમાં 'બ્લોકચેન પર રાષ્ટ્રીય રણનીતિ' બહાર પાડી છે.

(B) તેનો હેતુ બ્લોકચેન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઈ–ગવર્નન્સ સેવાઓ પ્રદાન કરવા માટે વિશ્વસનીય ડિજિટલ પ્લેટફોર્મ પ્રદાન કરવાનો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 7 ડિસેમ્બર, (1) સશસ્ત્ર સેના ધ્વજ દિન
## (2) આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ

## BWF વર્લ્ડ ટૂર 2021માં સુશ્રી પી. વી. સિંધુએ સિલ્વર મેડલ જીત્યો

ભારતીય બેડમિન્ટન ખેલાડી સુશ્રી પી. વી. સિંધુએ **'BWF વર્લ્ડ ટૂર 2021'**માં સિલ્વર મેડલ જીત્યો છે.

- સુશ્રી પી. વી. સિંધુનો **BWF** વર્લ્ડ ટૂર ફાઈનલમાં દક્ષિણ કોરિયાના એ સિયોંગ સામે પરાજય થયો હતો.

### BWF વર્લ્ડ ટૂર

**BWF** વર્લ્ડ ટૂર એ ગ્રેડ **2** બેડમિન્ટન ટૂર્નામેન્ટ શ્રેણી છે.

- તેનું આયોજન **BWF**, બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા કરવામાં આવે છે.
- તે સિંગલ્સ (પુરુષ અને મહિલા) અને ડબલ્સ (પુરુષ, મહિલાએ મિક્સમાં)માં ટોચના રેન્કિંગવાળા ખેલાડીઓ વચ્ચે આયોજન કરવામાં આવે છે.

## ભારત અને માલદીવ વચ્ચે 'એકુવેરીન અભ્યાસ' યોજાયો

તાજેતરમાં ભારત અને માલદીવ વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'એકુવેરીન'ની **11**મી આવૃત્તિ માલદીવના કઢધુ દ્વીપમાં યોજાય હતી.

### એકુવેરીન અભ્યાસ વિશે (Exercise Ekuverin)

ધિવેહી ભાષા (**Dhivehi language**)માં એકુવેરીનનો અર્થ મિત્ર થાય છે.

- તે ઈન્ડો–આર્યન ભાષા છે જે લક્ષદ્વીપ (ભારતમાં) અને માલદીવમાં બોલાય છે.
- ભારત અને માલદીવ વચ્ચે એકુવેરીન અભ્યાસનું આયોજન વર્ષ **2009**થી થઈ રહ્યું છે.
- વર્ષ **2019**માં આ કવાયત મહારાષ્ટ્રના પૂણેમાં યોજાઈ હતી.
- આ અભ્યાસ ભારત અને માલદીવની સશસ્ત્રો દળો વચ્ચે આંતર–કાર્યક્ષમતા વધારવા પર કેન્દ્રિત હતો.
- આ કવાયત કે અભ્યાસ દરમિયાન બંને સેનાઓએ આતંકવાદ અને કાઉન્ટર ઈમર્જન્સી (બળવા વિરોધી) વાતાવરણમાં કટ્ટરપંથી જૂથો પર તેમની લડાયક શક્તિનું પ્રદર્શન કર્યુ હતું.
- વર્ષ **2021**માં આ સંયુક્ત કવાયતમાં દ્વિપક્ષીય અને સંરક્ષણ સંબંધોને વધારવા માટે રમત–ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કવાયત હિંદ મહાસાગર ક્ષેત્રમાં ઉભરી રહેલી સુરક્ષા ગતિશીલતા વચ્ચે માલદીવ સાથે ભારતના સંબંધોને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રશિયા 15 વર્ષ બાદ ડેવિસ કપમાં ચેમ્પિયન

ટેનિસની પ્રસિદ્ધ ટૂર્નામેન્ટ ડેવિસ કપની ફાઈનલમાં ક્રોએશિયાને 2-0થી હરાવીને રશિયા ચેમ્પિયન બન્યું છે.

- શ્રી ડેનિલ મેડવેડેવે વધુ એક વખત શાનદાર પ્રદર્શન કરીને રશિયાને 15 વર્ષના લાંબા સમયગાળા બાદ ડેવિસ કપ ટેનિસ ટૂર્નામેન્ટ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- રશિયા આ અગાઉ **2002** અને **2006**માં ચેમ્પિયન બન્યું હતું.
- જ્યારે ક્રોએશિયા વર્ષ **2005** અને **2008**માં ચેમ્પિયન બન્યું હતું.

### TUESDAY Questions

1. ભારતમાં 'સશસ્ત્ર સેના ધ્વજ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર — (C)

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 ડિસેમ્બર (B) 6 ડિસેમ્બર (C) 7 ડિસેમ્બર (D) 8 ડિસેમ્બર — (C)

3. નીચેના પૈકી કઈ ભારતીય બેડમિન્ટન ખેલાડીએ 'BWF વર્લ્ડ ટૂર 2021'માં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) સુશ્રી પી. વી. સિંધુ (B) સુશ્રી જ્વાલા ગુટ્ટા
(C) સુશ્રી સાયના નેહવાલ (D) સુશ્રી અપર્ણા પોપટ — (A)

4. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'એકુવેરીન અભ્યાસ' યોજાયો હતો.

(A) ફ્રાન્સ (B) ચીન (C) ઓસ્ટ્રેલિયા (D) માલદીવ — (D)

5. વર્ષ 2021માં ટેનિસની પ્રસિદ્ધ ટૂર્નામેન્ટ ડેવિસ કપમાં કઈ ટીમ ચેમ્પિયન બની છે ?

(A) ઈટલી (B) રશિયા (C) ક્રોએશિયા (D) ચીન — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 8 ડિસેમ્બર, સબમરીન દિવસ

ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના રોજ 'સબમરીન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ભારતીય નૌસેનાની પ્રથમ સબમરીન 'INS કલવરી'ને 8 ડિસેમ્બર, 1967ના રોજ ભારતની નૌસેનામાં સામેલ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે 8 ડિસેમ્બરના આ દિવસ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-રશિયા સમિટ (Indian Russia Summit) 2021

તાજેતરમાં રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવ્યા હતા.



- શ્રી વ્લાદિમીર પુતિને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે '21મી ભારત–રશિયા સમિટ'માં હાજરી આપી હતી.
- બંને દેશો વચ્ચેની બેઠકમાં અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ બેઠક મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે બંને દેશોના વિદેશમંત્રીઓ તથા સંરક્ષણ મંત્રીઓ વચ્ચેની પ્રથમ 2+2 બેઠક (2+2 meeting) હતી.

### ભારત રશિયા સમિટ 2021 વિશે

### પ્રથમ ભારત રશિયા 2+2 સંવાદ

- બંને દેશોના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓ વચ્ચેની આ પ્રથમ 2+2 બેઠક છે.

## રાઈફલ્સ પર કરાર

ઉત્તરપ્રદેશના અમેઠીમાં સંયુક્ત સાહસમાં–લગભગ 6,00,000 AK-203 રાઈફલ્સ બનાવવા માટે બંને પક્ષો વચ્ચે બે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## સૈન્ય સહયોગ માટે કરાર

બંને દેશો દ્વારા 2021થી 2031 સુધીના આગામી દાયકા માટે સૈન્ય ટેક્નોલોજી સહયોગ માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- ભારતે માત્ર એક ખરીદદાર તરીકે રશિયાના સંરક્ષણ વિકાસ અને ઉત્પાદન ભાગીદાર બનવાના તેના લક્ષ્યને રેખાંકિત કર્યુ છે.
- આ ઉપરાંત બંને દેશો હવે સૈન્ય કવાયતના ફોર્મેટને વધુ તીવ્ર બનાવવા તેમજ મધ્ય એશિયામાં ભારત–રશિયા સહયોગને વિસ્તૃત કરવા વિચાર કરી રહ્યા છે.

## લોજિસ્ટિક્સ કરારના પારસ્પરિક વિનિમયને આગળ વધારવું

સંરક્ષણ વેચાણ ઉપરાંત પારસ્પરિક એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ એગ્રીમેન્ટ (RELOS) નેવી ટુ મિલિટરી કોઓપરેશન MoU નિષ્કર્ષના અદ્યતન તબક્કામાં છે.

## મિલિટરી પ્રોટોકોલ

મિલિટરી એન્ડ મિલિટરી ટેકનિકલ કોઓપરેશન (IRIGC-M&MTC) પરના 20માં ભારત–રશિયા ઈન્ટર–ગવર્નમેન્ટલ કમિશનના પ્રોટોકોલ પર પણ બંને દેશોએ હસ્તાક્ષર કર્યા હતા.

- IRIGC-M&MTC એ છેલ્લા બે દાયકાથી સુસ્થાપિત મેકેનિઝમ છે, જે સંરક્ષણ સહયોગ માટે પરસ્પર સંમત એજન્ડા પર ચર્ચા કરવા અને અમલ કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

## S-400 એર ડિફેન્સ સિસ્ટમ ડીલ

ભારતે ભારપૂર્વક જણાવ્યું કે તે 'સ્વતંત્ર વિદેશ નીતિ'ને અનુસરે છે, જે અમેરિકાના પ્રતિસ્પર્ધીઓ દ્વારા પ્રતિબંધો ધારા – CAATSAનો સામનો કરે છે.

- તે S-400 એરડિફેન્સ મિસાઈલ સિસ્ટમની સપ્લાયનો ઉલ્લેખ કરે છે.

## ભૌગોલિક રાજકીય હોટસ્પોટ્સ પર ચર્ચા

બંને દેશો દ્વારા દરિયાઈ સુરક્ષા અને તેમના રક્ષણ અંગે સહિયારી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

- આ બેઠકમાં ચીનના આક્રમક વલણનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો.
- બંને દેશો દ્વારા મધ્ય એશિયા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં વધુ સંલગ્નતાની દરખાસ્ત કરવામાં આવી હતી.
- આ ઉપરાંત રશિયાએ 'અફઘાનિસ્તાન પર દિલ્હી ઘોષણા'નું સ્વાગત કર્યુ હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


**નોંધ :**
(1) 3 માર્ચ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના અમેઠી ખાતે AK-203 Assault Rifle કારખાનાનું ઉદ્દઘાટન કર્યુ હતું.
(2) ભારતમાં રશિયાની મદદથી આ AK 203 રાઈફલ બનાવવામાં આવી રહી છે.
(3) આ માટે ભારત અને રશિયા દ્વારા એક Joint Venture (સંયુક્ત સાહસ)ની રચના કરવામાં આવી હતી.
(4) આ જોઈન્ટ વેન્ચરને 'The Indo-Russia Rifles Pvt. Ltd' નામ આપવામાં આવ્યું છે.

## હોર્નબિલ ફેસ્ટિવલ

હોર્નબિલ ફેસ્ટિવલ એ નાગાલેન્ડનો 10 દિવસીય વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવ છે.

- જે તાજેતરમાં નાગાલેન્ડમાં ઉજવવામાં આવી રહ્યો છે.
- હોર્નબિલ ફેસ્ટિવલને 'ફેસ્ટિવલ ઓફ ફેસ્ટિવલ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ફેસ્ટિવલ લોક નૃત્ય, પરંપરાગત સંગીત, સ્થાનિક ભોજન, હસ્તકલા, કલા વર્કશોપ વગેરે દ્વારા સમૃદ્ધ અને વૈવિધ્યસભર નાગા વંશીયતાને પ્રદર્શિત કરે છે.
- હોર્નબિલ ઉત્સવ દર વર્ષે ઉત્તર–પૂર્વીય પ્રદેશ અને નાગાલેન્ડ રાજ્યમાં 1લી ડિસેમ્બરથી 10મી ડિસેમ્બર સુધી ઉજવવામાં આવે છે.
- આ તહેવારનું નામ ભારતીય હોર્નબિલ પક્ષીના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે એક વિશાળ અને રંગબેરંગી પક્ષી છે.
- નાગાલેન્ડ રાજ્યના મોટાભાગના આદિવાસીઓની લોકવાયકાઓમાં આ પક્ષી જોવા મળતા હોવાથી આ તહેવારનું નામ હોર્નબિલ પક્ષી પરથી રાખવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC
7700+ TOTAL QUESTIONS
GPSC CLASS 1/2, STI, PI, Dy. SO, Dy. MAMLATDAR,
A.O., GUJ ENGINEERING SERVICE, તથા લેક્ચરર
અને આસિસ્ટન્ટ પ્રોફેસરના પેપરોનો સમાવેશ


www.iceonline.in

1. ભારતીય નૌસેના દ્વારા દર વર્ષે કયા દિવસના રોજ 'સબમરીન દિવસ' ઉજવવામાં આવે છે ?

(A) 6 ડિસેમ્બર (B) 7 ડિસેમ્બર (C) 8 ડિસેમ્બર (D) 9 ડિસેમ્બર

(C)

2. તાજેતરમાં રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવ્યા હતા. આ સમયે તેમણે '21મી ભારત–રશિયા સમિટ'માં હાજરી આપી હતી. આ સમિટ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. બંને દેશોના વિદેશ અને સંરક્ષણ મંત્રીઓ વચ્ચેની આ પ્રથમ 2+2 બેઠક હતી.

2. આ બેઠકમાં ઉત્તરપ્રદેશના અમેઠીમાં સંયુક્ત સાહસમાં લગભગ 6,00,000 AK-203 રાઈફલ્સ બનાવવા માટે કરાર પર હસ્તાક્ષર થયા હતા.

3. આ બેઠકમાં INDRUS નામની સુપરસોનિક મિસાઈલ વિકસાવવા પર પણ કરાર કર્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

(A)

3. હોર્નબિલ ફેસ્ટિવલ એ કયા રાજ્યનો 10 દિવસીય વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવ છે ?

(A) મેઘાલય (B) નાગાલેન્ડ (C) ઉત્તરાખંડ (D) હિમાચલપ્રદેશ

(B)

4. હોર્નબિલ ફેસ્ટિવલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ ફેસ્ટિવલ નાગાલેન્ડનો સાંસ્કૃતિક ઉત્સવ છે.

(B) તેને ફેસ્ટિવલ ઓફ ફેસ્ટિવલ તરીકે પણ ઓળખવામાં આવે છે.

(C) આ તહેવારનું નામ ભારતીય હોર્નબિલ પક્ષીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(D) ઉપરોક્ત તમામ

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 9 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન (International Anti-Corruption Day)

## 52મો International Film Festival of India (IFFI)

20 નવેમ્બર, 2021થી 28 નવેમ્બર, 2021 દરમિયાન ગોવામાં પણજી પાસે આવેલા ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ઈનડોર સ્ટેડિયમમાં ભારતના 52માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2021નું આયોજન થયું હતું.

- માહિતી અને પ્રસારણ અને યુવા બાબતો તથા રમત ગમતના કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ ઠાકુર અને ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંતે આ ફિલ્મ ફેસ્ટિવલના ઉદ્દઘાટન સમારોહમાં હાજરી આપી હતી.
- આ સમારંભનું સંચાલન શ્રી કરણ જોહરે અને મનીષ પોલે કર્યુ હતું.
- IFFIનું આયોજન ગોવા રાજ્ય સરકાર અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ કાર્યરત ફિલ્મ ફેસ્ટિવલ નિર્દેશાલય દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે આ વર્ષે IFFIની સાથે બ્રિક્સ ફિલ્મ ફેસ્વિટલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રી દિલીપકુમાર, શ્રી પુનિત રાજકુમાર, શ્રી સંચારી વિજય વગેરે દિગ્ગજ અભિનેતાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

### ફિલ્મ ફેસ્ટિવલમાં એનાયત થયેલા એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | ફિલ્મ શૂટિંગ માટે સૌથી અનુકૂળ રાજ્ય | ઉત્તરપ્રદેશ |
| 2 | બેસ્ટ એક્ટર (મેલ) માટે સિલ્વર પીકોક એવોર્ડ | શ્રી જિતેન્દ્ર ભીખુલાલ જોશી (ગોદાવરી માટે) |
| 3 | બેસ્ટ એક્ટર (ફિમેલ) માટે સિલ્વર પીકોક એવોર્ડ | સુશ્રી એન્જેલા મોલિના (ચાર્લોટ માટે) (પેરાગ્વે) |
| 4 | બેસ્ટ દિગ્દર્શક (ડાયરેક્ટર) માટે સિલ્વર પીકોક એવોર્ડ | વાકલાવ કદ્રન્કા (ચેક રિપબ્લિક) (સેવિંગ વન હૂ વોઝ ડેડ માટે) |
| 5 | બેસ્ટ ફિલ્મ માટે ગોલ્ડન પીકોક એવોર્ડ | રિંગ વાંડરિંગ (જાપાનની ફિલ્મ) |
| 6 | સ્પેશિયલ જ્યુરી એવોર્ડ | રેનાટા કાર્વલ્હો (બ્રાઝિલ) |
| 7 | ભારતીય ફિલ્મ પર્સનાલિટી ઓફ ધ યર | હેમા માલિની, પ્રસૂન જોશી |
| 8 | ICFT UNFSCO ગાંધી એવોર્ડ | લિંગુઈ : ધ સેક્રેડ બોન્ડ્સ |
| 9 | સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ | માર્ટિન સ્કોર્સેસ (અમેરિકન ફિલ્મ દિગ્દર્શક), ઈસ્તવાન સ્ઝાબો (હંગેરિયન ફિલ્મ દિર્ગશક) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રિક્સ ફિલ્મ ફેસ્ટિવલ

પ્રથમ વખત પાંચ બ્રિક્સ (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, સાઉથ આફ્રિકા) દેશોની ફિલ્મો IFFI સાથે BRICS ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી.

- બ્રિક્સ ફિલ્મ ફેસ્ટિવલની આ છટ્ઠી આવૃત્તિ હતી.

## OTTs સાથે ભાગીદારી

IFFI એ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે મુખ્ય OTT (ઓવર ધ ટોપ) પ્લેયર્સને આમંત્રણ આપ્યું હતું.

- મુખ્ય OTT પ્લેટફોર્મ Netflix, Amazon Prime, Zee5, Voot અને Sony Live ફિલ્મ ફેસ્ટિવલમાં એક્સક્લુઝિવ માસ્ટરક્લાસીસ, કન્ટેન્ટ લોન્ચ અને પ્રિવ્યૂઝ, ક્યુરેટેડ ફિલ્મ પેકેજ સ્ક્રીનિંગ અને અન્ય વિવિધ ઓનગ્રાઉન્ડ અને વર્ચ્યુઅલ ઈવેન્ટ દ્વારા ભાગ લીધો હતો.

## IFFI

IFFIનું પૂરું નામ 'International Film Festival of India' છે.

- ભારતમાં પ્રથમ 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'નું આયોજન 24 જાન્યુઆરી, 1952ના રોજ મુંબઈ ખાતે થયું હતું.
- ત્યારબાદ બીજો ફિલ્મ ફેસ્ટિવલ 1961માં નવી દિલ્હી ખાતે યોજાયો હતો.
- વર્ષ 2004થી આ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે ગોવા ખાતે યોજાય છે.
- ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય, ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ અને ગોવા સરકાર દ્વારા આ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતે 'વર્ટિક્લ લોન્ચ-શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' (VL-SRSAM)નું પરીક્ષણ કર્યુ

તાજેતરમાં DRDOએ 'વર્ટિક્લ લોન્ચ–શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' (VL-SRSAM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- ઓડિશાના ચાંદીપુર ખાતે 'ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ' (ITR)થી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## VL-SRSAM વિશે

VL-SRSAM એ DRDO દ્વારા ભારતીય નૌકાદળ માટે સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવેલી સપાટીથી હવામાં ઝડપથી પ્રતિક્રિયા આપનારી મિસાઈલ છે.

- તેનો ઉદ્દેશ દરિયાઈ–સ્કિમિંગ લક્ષ્યો સહિત નજીકના અંતરે વિવિધ હવાઈ ખતરાને નિષ્ક્રિય કરવાનો છે.

- આ મિસાઈલ 50 કિ.મી. સુધીની રેન્જ ધરાવે છે.
- અને ટર્મિનલ સ્ટેજમાં ફાઈબર ઓપ્ટિક ગાયરોસ્કોપ અને સક્રિય રડાર હોમિંગ દ્વારા મિડકોર્સ ઈનર્શિયલ માર્ગદર્શનની સુવિધા છે.
- મિસાઈલ 'લોક ઓન બિફોર લોન્ચ (LOBL)' અને 'લોન્ચ પછી લોક ઓન' (LOAL)ની ક્ષમતા ધરાવે છે.
- તે હવાઈ ખતરાની સામે ભારતીય નૌસેનાની સંરક્ષણ ક્ષમતામાં વધુ વધારો કરશે.
- DRDOના મુખ્ય એકમો જેમ કે DRDL અને RCI અને આર એન્ડ ડી એસ્ટાબ્લિશમેન્ટ વગેરેએ સિસ્ટમના વિકાસમાં યોગદાન આપ્યું છે.

## જ્ઞાનપીઠ એવોર્ડ 2020-21

56માં અને 57માં જ્ઞાનપીઠ પુરસ્કારોની ઘોષણા તાજેતરમાં ક્રમશઃ 2020 અને 2021 માટે કરવામાં આવી છે.

- જેમાં આસામી કવિ શ્રી નીલામણી ફુકન જુનિયરે 56મો અને કોંકણી નવલકથાકાર શ્રી દામોદર મૌજોએ 57મો જ્ઞાનપીઠ એવોર્ડ જીત્યો છે.

### કવિ નીલામણી ફુકન જુનિયર

શ્રી નીલામણી ફુકન આસામના પ્રસિદ્ધ કવિ છે.

- સાહિત્ય પ્રત્યેની તેમની આજીવન નિષ્ઠા બદલ વર્ષ 2020નો 56મો જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો છે.
- આ અગાઉ તેમને 'સાહિત્ય અકાદમી પુરસ્કાર' અને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ગુવાહાટીમાં રહેતા પ્રસિદ્ધ કવિ શ્રી નીલામણી ફૂકને 'ગુલાપી જમુર લગન' અને 'કોબીતા' જેવા અનેક પ્રખ્યાત પુસ્તકો લખ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી દામોદર મૌજો

77 વર્ષના શ્રી દામોદર મૌજો ગોવામાં રહે છે. અને તે કોંકણી ભાષાના પ્રસિદ્ધ લેખક છે.

- તેમને 57મો જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- તેઓ સુનામી સિમોન અને કાર્મેલીન જેવી નવલકથાઓ તેમજ ગોવાની અન્ય વાર્તાઓ માટે જાણીતા છે.

### જ્ઞાનપીઠ એવોર્ડ

જ્ઞાનપીઠ એવોર્ડ એ સાહિત્ય ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવોર્ડ છે.

- ઈ.સ. 1965થી 'ભારતીય જ્ઞાનપીઠ' દ્વારા આ એવોર્ડ દર વર્ષે ભારતની વિવિધ માન્ય પ્રાદેશિક રાજ્ય ભાષાઓમાંથી કોઈ એક ભાષાના સાહિત્યકારને સાહિત્ય સર્જન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ આ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવે છે.

- ઉદ્યોગપતિ <u>શાંતિપ્રસાદ જૈન</u>ના સ્મરણાર્થે <u>જૈન સાહુ</u> પરિવાર તરફથી આ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવે છે.
- આ એવોર્ડમાં <u>11 લાખ રૂપિયા</u> ધનરાશિ તથા <u>સરસ્વતીની કાંસાની પ્રતિમા</u> અને <u>પ્રશસ્તિપત્ર</u> આપવામાં આવે છે.
- સૌપ્રથમ <u>ઈ.સ. 1965</u>માં મલયાલમ કાવ્યસંગ્રહ <u>'ઓડક્ક ફૂઝલ'</u> (વાંસળી) માટે <u>શ્રી જી. શંકર કુરૂપ</u>ને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સૌપ્રથમ મહિલા <u>આશાપૂર્ણા દેવી</u> છે.

### જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા

| સાહિત્યકાર | વર્ષ | કેટલામો જ્ઞાનપીઠ પુરસ્કાર |
|---|---|---|
| શ્રી જી. શંકર કુરૂપ | 1965 | પ્રથમ |
| શ્રી નીલામણિ ફુકન | 2020 | 56મો |
| શ્રી દામોદર મૌજો | 2021 | 57મો |

### જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુજરાતી સાહિત્યકારો

| ક્રમ | સાહિત્યકાર | કૃતિ | વર્ષ | કેટલામો જ્ઞાનપીઠ પુરસ્કાર |
|---|---|---|---|---|
| 1 | ઉમાશંકર જોશી | નિશીથ (કાવ્ય સંગ્રહ) | 1967 | ત્રીજો |
| 2 | પન્નાલાલ પટેલ | માનવીની ભવાઈ (નવલકથા) | 1985 | 21મો |
| 3 | રાજેન્દ્ર શાહ | ધ્વની (કાવ્ય સંગ્રહ) | 2001 | 37મો |
| 4 | રઘુવીર ચૌધરી | ગુજરાતી સાહિત્યમાં સમગ્ર પ્રદાન બદલ | 2015 | 51મો |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના પ્રથમ CDS શ્રી બિપિન રાવતનું નિધન

ભારતના પ્રથમ <u>CDS</u> એટલે કે <u>Chief of Defence Staff</u> <u>શ્રી બિપિન રાવત</u>નું 8 ડિસેમ્બર, 2021ના રોજ તમિલનાડુના <u>કુન્નુર</u> ખાતે હેલિકોપ્ટર ક્રેશ દુર્ઘટનામાં નિધન થયું છે.



- આ દુર્ઘટનામાં શ્રી બિપિન રાવત સહિત અન્ય 14 લોકોના પણ મૃત્યુ થયા છે.
- 14 અધિકારીઓ સાથે વેલિંગ્ટનથી ઉપડેલું MI-17V5 હેલિકોપ્ટર કુન્નુરના નીલગિરિ પર્વત પર ક્રેશ થયું હતું.

## શ્રી બિપિન રાવત

શ્રી બિપિન રાવતનો જન્મ **16 માર્ચ, 1958**ના રોજ પૌરી ગઢવાલ જિલ્લાના પૌરી શહેરમાં થયો હતો.

- જનરલ બિપિન રાવત 'નેશનલ ડિફેન્સ એકેડેમી' અને 'ઈન્ડિયન મિલિટરી એકેડેમી'ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- તેઓને ડિસેમ્બર, 1978માં ભારતીય સેનાની 'પાંચમી બટાલિયન' અને 'ઈલેવન્થ ગોરખા રાઈફલ્સ'માં કમિશન આપવામાં આવ્યું હતું.
- શ્રી બિપિન રાવત ડિફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટનથી સ્નાતક થયા હતા.
- તેમણે ફોર્ટ લીવનવર્થ, યુએસએ ખાતેના કમાન્ડ એન્ડ જનરલ સ્ટાફ કોર્સમાં પણ હાજરી આપી હતી.
- તેમની સેવા દરમિયાન બ્રિગેડ કમાન્ડ, જનરલ સ્ટાફ ઓફિસર ગ્રેડ 2ના રૂપમાં અને અન્ય ઘણા મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા.
- 31 ડિસેમ્બર 2016ના રોજ તેમણે ભારતીય થલસેનાના વડા તરીકેનું પદ સંભાળ્યું હતું.
- ત્યારબાદ 1 જાન્યુઆરી, 2020ના રોજ ભારતના પ્રથમ **'Chief of Defence Staff' (CDS)** તરીકે પદભાર સંભાળ્યો હતો.
- તેમને મળેલા પુરસ્કારો આ મુજબ છે :

(1) પરમ વિશિષ્ટ સેવા મેડલ

(2) ઉત્તમ યુદ્ધ સેવા મેડલ

(3) અતિ વિશિષ્ટ સેવા મેડલ

(4) યુદ્ધ સેવા મેડલ

(5) સેના મેડલ

(6) વિશિષ્ટ સેવા મેડલ

નોંધ : ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એ ભારતીય સશસ્ત્ર દળની ત્રણેય સેવાઓના વડા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર

(C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર **(A)**

2. નવેમ્બર 2021માં ભારતમાં કેટલામાં 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' (IFFI)નું આયોજન થયું હતું ?

(A) 50મા (B) 51મા (C) 52મા (D) 53મા **(C)**

3. ભારતમાં 52મા 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2021'નું આયોજન કયાં થયું હતું ?

(A) કોલકાતા, પશ્ચિમ બંગાળ (B) મુંબઈ, મહારાષ્ટ્ર

(C) પણજી, ગોવા (D) બેંગાલુરૂ, કર્ણાટક **(C)**

4. 52મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં 'ફિલ્મ શૂટિંગ માટે સૌથી અનુકૂળ રાજ્ય'નો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) ગુજરાત (C) રાજસ્થાન (D) તમિલનાડુ **(A)**

5. 52મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2021માં બેસ્ટ એક્ટર (મેલ) માટે સિલ્વર પીકોક એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી ટી. એન. શેષન (B) શ્રી શાહરુખ ખાન

(C) શ્રી આમીર ખાન (D) શ્રી જિતેન્દ્ર ભીખુલાલ જોશી **(D)**

6. 52મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2021માં બેસ્ટ એક્ટર (ફિમેલ) માટે સિલ્વર પીકોક એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી એન્જેલા કાર્વલ્હો (B) સુરી એન્જેલા મોલિના

(C) સુશ્રી એન્જેલા કદ્રન્કા (D) સુરી એન્જેલા સેફેડ **(B)**

7. 52મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા 2021માં નીચેના પૈકી કોને 'સત્યજીત રે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' એનાયત થયો છે ?

(A) વાકલાવ કદ્રન્કા (B) માર્ટિન સ્કોર્સેસ

(C) ઈસ્તવાન સ્ઝબો (D) (B) અને (C) બંને **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ભારતે 'વર્ટિકલ લોન્ચ–શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ' (VL-SRSAM)નું પરીક્ષણ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. VL-SRSAM એ DRDO દ્વારા ભારતીય નૌકાદળ માટે સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવેલી સપાટીથી હવામાં ઝડપથી પ્રતિક્રિયા આપનારી મિસાઈલ છે.

2. આ મિસાઈલનો ઉદ્દેશ દરિયાઈ–સ્કિમિંગ લક્ષ્યો સહિત નજીકના અંતરે વિવિધ હવાઈ ખતરાને નિષ્ક્રિય કરવાનો છે.

3. આ મિસાઈલ 50 કિ.મી. સુધીની રેન્જ ધરાવે છે.

4. આ મિસાઈલને ISRO અને MCIના સહિયારા યોગદાનથી વિકસાવવામાં છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

9. તાજેતરમાં વર્ષ 2020 માટેનો 56મો જ્ઞાનપીઠ એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી શંખ ઘોષ (B) શ્રી કેદારસિંહ (C) શ્રી નીલામણી ફૂકન (D) શ્રી ભાલચંદ્ર ઘોષ **(C)**

10. તાજેતરમાં વર્ષ 2021 માટેનો 57મો જ્ઞાનપીઠ એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી દામોદર મૌજો (B) શ્રી કેદાર સિંહ

(C) શ્રી શંખઘોષ (D) શ્રી ભાલચંદ્ર ઘોષ **(A)**

11. તાજેતરમાં ભારતના CDS એટલે કે 'Chief of Defence Staff' શ્રી બિપિન રાવતનું નિધન થયું છે. તેઓ ભારતના કેટલામાં CDS હતા ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Rights Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **10 ડિસેમ્બર**ના રોજ **'માનવ અધિકાર દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા **1948**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2021ની 'માનવ અધિકાર દિન'ની થીમ **'Equality-Reducing inequalities, advancing human rights'** છે.

## RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI-Monetary Policy Report-MPR)

ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં ડિસેમ્બર, 2021 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડયો છે.

- સતત નવમી વખત પોલિસી રેટ યથાવત રાખવામાં આવ્યો છે.
- રેપો રેટ **4%** પર યથાવત રાખવામાં આવ્યો છે.
- જ્યારે રિવર્સ રેપો રેટને પણ **3.35%** પર યથાવત રાખવામાં આવ્યો છે.
- સીમાંત સ્થાયી સુવિધા (Marginal Standing Facility-MSF) દર અને બેંક દર (Bank Rat)ને પણ પહેલાની જેમ **4.25** પર યથાવત રાખવામાં આવ્યા છે.
- RBIએ અર્થવ્યવસ્થામાં કાયમી રિકવરી ન થાય ત્યાં સુધી ઉદાર વલણ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.
- ઉદાર વલણનો અર્થ એ છે કે મોનેટરી પોલિસી કમિટી (MPC) કાં તો દર ઘટાડવા અથવા તો તેને યથાવત રાખવાનો નિર્ણય લઈ શકે છે.

### યથાવત પોલિસી રેટ

| ક્રમ | ઈન્ડિકેટર્સ | રેટ |
|---|---|---|
| 1 | રેપો રેટ | 4.0% |
| 2 | સર્વિસ રેપો રેટ | 3.35% |
| 3 | MSF | 4.25% |
| 4 | બેંક રેટ | 4.25% |
| 5 | CRR | 4.0% |
| 6 | SLR | 18.0% |

### GDP અંદાજ

RBI એ નાણાકીય વર્ષ **2021-22** માટે ભારતના **GDP**નો વૃદ્ધિ દર **9.5%** પર જાળવી રાખવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફૂગાવો

RBIએ CPI (Consumer Price Index) આધારિત ફૂગાવના અનુમાનને 5.3% પર જાળવી રાખ્યું છે.

નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.

(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.

(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.

(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.

(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

## Monetary Policy Report

RBIની મોનેટરી પોલિસીની કમિટી (MPC) દ્વારા 'મોનેટરી પોલિસી રિપોર્ટ' પ્રકાશિત કરવામાં આવે છે.

- મોનેટરી પોલિસી એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા દેશમાં ભાવની સ્થિરતા જાળવવા અને ઉચ્ચ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટે વ્યાજ દરના નિયંત્રણ દ્વારા અર્થતંત્રમાં નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવામાં આવે છે.
- ભારતમાં Monetary Policyની સમિક્ષા માટે 'મોનેટરી પોલિસી કમિટી'ની રચના કરવામાં આવે છે.
- RBIના ગવર્નર આ કમિટીના અધ્યક્ષ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'મેં ભી ડિજિટલ 3.0 અભિયાન

તાજેતરમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રાદ્યોગિકી મંત્રાલય (Meity)એ 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' યોજના હેઠળ 'મેં ભી ડિજિટલ 3.0' અભિયાન શરૂ કર્યું છે.

### 'મેં ભી ડિજિટલ 3.0 અભિયાન

તે સ્ટ્રીટ વેન્ડર્સ માટે ડિજિટલ ઓનબોર્ડિંગ અને તાલીમ (Doat) માટેનું એક વિશેષ અભિયાન છે.

- તેનો ઉદ્દેશ્ય એવા સ્ટ્રીટ વેન્ડર્સને ડિજિટલ રીતે જોડવાનો છે જેમને પ્રધાનમંત્રી આત્મનિર્ભર યોજના હેઠળ લોન આપવામાં આવી છે.
- આ હેઠળ ધિરાણ સંસ્થાઓ (LIS)ને વિતરણ સમયે કાયમી QR કોડ અને 'યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ' (UPI) ID જારી કરવા અને લાભાર્થીઓને ડિજિટલ વ્યવહારો કરવા માટે તાલીમ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.
- આ યોજનાના અમલીકરણ માટે એક સંકલિત IT પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.
- સ્ટ્રીટ વેન્ડર્સ પ્રધાનમંત્રી આત્મનિર્ભર પોર્ટલ દ્વારા સીધી લોન માટે અરજી કરી શકે છે.

## પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ

આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ આર્થિક પ્રોત્સાહન-IIના ભાગરૂપે તેની જાહેરાત કરવામાં આવી હતી.

- કોવિડ-19 લોકડાઉનના કારણે પ્રતિકૂળ અસર પામેલા સ્ટ્રીટ વેન્ડર્સ (શેરી ફેરિયાઓ)ને તેમની આજીવિકા ફરી શરૂ કરવા માટે સસ્તું વર્કિંગ કે કેપિટલ લોન આપવા માટે 1 જૂન, 2020થી અમલમાં મૂકવામાં આવ્યું છે.
- 700 કરોડના મંજૂર બજેટ સાથે તેનો અમલ કરવામાં આવ્યો હતો.

## વિશ્વ અસમાનતા રિપોર્ટ 2022

ફ્રાંસમાં સ્થિત 'World Inequality Lab' એ 'વિશ્વ અસમાનતા રિપોર્ટ 2022' (World Inequality Report) શીર્ષક હેઠળ રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.

- આ રિપોર્ટ લુકાસ ચાંસલ (Lucas Chancel) દ્વારા લખવામાં આવ્યો છે, જે World Inequality Labના સહ નિર્દેશક છે.
- તેનું સંકલન પ્રખ્યાત ફ્રેન્ચ અર્થશાસ્ત્રી થોમસ પિકેટીએ કર્યું હતું.
- આ રિપોર્ટનો ઉદ્દેશ વૈશ્વિક અસમાનતા ગતિશીલતા પર સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે.
- આ રિપોર્ટ અનુસાર ભારત હવે વિશ્વના સૌથી અસમાન દેશોમાંનો એક છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

#### સંપત્તિનું વિતરણ

- વિશ્વની સૌથી ગરીબ વસતીના અડધા લોકો પાસે 'ભાગ્યે જ કોઈ સંપત્તિ' છે (કુલ સંપત્તિના માત્ર 2%), જ્યારે વિશ્વની સૌથી ધનિક 10% વસતી કુલ સંપત્તિના 76% ધરાવે છે.
- મધ્યપૂર્વ અને ઉત્તર આફ્રિકા (MENA) વિશ્વના સૌથી અસમાન પ્રદેશ છે, જ્યારે યુરોપમાં અસમાનતાનું સૌથી નીચું સ્તર છે.

#### જાતીય અસમાનતા

- વર્ષ 1990માં કુલ શ્રમ આવકમાં મહિલાઓનો હિસ્સો લગભગ 30% હતો, જે હવે વધીને 35% થયો છે.
- અહેવાલ મુજબ વિવિધ દેશોમાં અસ્તિત્વમાં રહેલી અસમાનતાઓ દેશો વચ્ચે અસ્તિત્વમાં રહેલી અસમાનતાઓ કરતા વધુ છે.

#### શ્રીમંત દેશ ગરીબ સરકારો

- છેલ્લા 40 વર્ષોમાં ઘણા દેશો અમીર બન્યા છે, પરંતુ તેમની સરકારો ઘણી ગરીબ બની ગઈ છે.
- વર્તમાનમાં સરકારોની ઓછી સંપત્તિ ભવિષ્યમાં અસમાનતાનો સામનો કરવાની રાજ્યની ક્ષમતા તેમજ આબોહવા પરિવર્તન જેવા 21મી સદીના મુખ્ય પડકારો માટે મહત્વપૂર્ણ અસરો ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અસમાનતા પર કોવિડ સંકટની અસર

- કોવિડ-19 મહામારી અને તેના પછી સર્જાયેલી આર્થિક કટોકટીએ વૈશ્વિક સ્તરે તમામ દેશોને અસર કરી છે.
- પરંતુ તેના કારણે તમામ દેશો અલગ–અલગ સ્તરે પ્રભાવિત થયા છે.
- યુરોપ, લેટિન અમેરિકા તથા દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાએ 2020 (-6% અને -7.6%ની વચ્ચે) રાષ્ટ્રીય આવકમાં સૌથી મોટો ઘટાડો નોંધાવ્યો હતો.
- જ્યારે પૂર્વ એશિયા (જ્યાંથી મહામારી શરૂ થઈ) વર્ષ 2019ના સ્તર પર વર્ષ 2020ની કમાણીને સ્થિર કરવામાં સફળ રહી છે.

## રિપોર્ટ અનુસાર ભારતના વિશિષ્ટ તારણો

### સંપત્તિનું વિતરણ

- આ રિપોર્ટમાં ભારતની ઓળખ <u>ગરીબ અને અસમાન</u> દેશ તરીકે કરવામાં આવી છે.
- વસતીના ટોચના **<u>1%</u>** લોકો પાસે **<u>2021</u>**માં કુલ રાષ્ટ્રીય આવકનો <u>પાંચમો</u> ભાગ હતો અને નીચેના અડધા હિસ્સામાં માત્ર **<u>13%</u>** હતો.
- ભારત દ્વારા અપનાવવામાં આવેલા આર્થિક સુધારા અને ઉદારીકરણનો મોટાભાગે ટોચના 1% લોકોને ફાયદો થયો છે.

### સરેરાશ ઘરગથ્થું સંપત્તિ

- ભારતમાં સરેરાશ ઘરગથ્થું સંપત્તિ **<u>રૂ. 983,010</u>** છે.
- એવું જોવામાં આવ્યું છે કે 1980ના દાયકાના મધ્યથી અમલમાં આવેલી ઉદારીકરણની નીતિઓએ 'વિશ્વમાં જોવા મળતી આવક અને સંપત્તિની અસમાનતામાં સૌથી વધુ વધારો' કરવામાં ફાળો આપ્યો છે.

### કાર્બન અસમાનતા

- ભારત <u>ઓછું કાર્બન ઉત્સર્જક</u> દેશ છે.
- ગ્રીનહાઉસ ગેસનો માથાદીઠ સરેરાશ વપરાશ **<u>2-COZe</u>** જેટલો છે.
- કાર્બન ડાયોક્સાઈડ સમકક્ષ અથવા COZe એ એક સામાન્ય એકમમાં વિવિધ ગ્રીનહાઉસ વાયુઓનું વર્ણન કરવા માટે વપરાતો શબ્દ છે.
- આ સ્તરો સામાન્ય રીતે સબ–સહારન આફ્રિકન દેશોમાં કાર્બન ફૂટપ્રિન્ટ્સ સાથે તુલનાત્મક છે.
- ભારતમાં સૌથી નીચેની 50% વસતીમાં રહેલો વ્યક્તિ યુરોપિયન યુનિયનમાં નીચેના 50% લોકો કરતા 5 ગણો ઓછો અને યુએસમાં નીચેના 50% કરતા 10 ગણો ઓછો ઉત્સર્જન કરે છે.

### વ્યક્તિગત સંપત્તિમાં વધારો

- ચીન અને ભારત જેવા વિકાસશીલ દેશોમાં ખાનગી સંપત્તિમાં વધારો થયો છે.
- ચીનમાં તાજેતરના દાયકાઓમાં ખાનગી સંપત્તિમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.
- આ સમય દરમિયાન ભારતમાં ખાનગી સંપત્તિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'માનવ અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર (B)

2. ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં ડિસેમ્બર 2021 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડયો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(1) રેપો રેટ 4% પર યથાવત રાખવામાં આવ્યો છે.

(2) રિવર્સ રેપો રેટ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.

(3) સીમાંત સ્થાયી સુવિધા (MSF) અને બેંક દર 4.25% પર યથાવત છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. 'મેં ભી ડિજિટલ 3.0' અભિયાન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રાદ્યોગિકી મંત્રાલયે 'પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' યોજના હેઠળ આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

(B) તે સ્ટ્રીટ વેન્ડર્સ (શેરી ફેરિયાઓ) માટે ડિજિટલ ઓનબોર્ડિંગ અને તાલીમ માટેનું એક વિશેષ અભિયાન છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

4. 'વિશ્વ અસમાનતા રિપોર્ટ 2022' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(1) આ રિપોર્ટનો ઉદ્દેશ વૈશ્વિક અસમાનતા ગતિશીલતા પર સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે.

(2) આ રિપોર્ટ અનુસાર ભારત હવે વિશ્વના સૌથી અસમાન દેશોમાંનો એક છે.

(3) આ રિપોર્ટ અનુસાર ભારતમાં વસતીના ટોચના 1% લોકો પાસે 2021માં કુલ રાષ્ટ્રીય આવકનો પાંચમો ભાગ હતો.

(4) આ રિપોર્ટ અનુસાર ભારતમાં સરેરાશ ઘરગથ્થું સંપત્તિ રૂ. 3,0556 છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 11 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day)

પર્વતોના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ **2003**માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.

## ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)ને નિરીક્ષકનો દરજ્જો : સંયુક્ત રાષ્ટ્ર

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) એ 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' (ISA)ને નિરીક્ષકનો દરજ્જો આપ્યો છે.

- આ નિર્ણયથી ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ અને સંયુક્ત રાષ્ટ્ર વચ્ચે નિયમિત અને સહકાર સુનિશ્ચિત કરવામાં મદદ મળશે, જેનાથી વૈશ્વિક ઉર્જા વિકાસને ફાયદો થશે.

નોંધ : (1) ISAમાં અમેરિકા જોડાયા પછી કુલ 101 સભ્ય છે.

(2) ISAનું મુખ્યાલય હરિયાણાના ગુરુગ્રામ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રામાનુજન એવોર્ડ-2021



તાજેતરમાં પ્રોફેસર નીના ગુપ્તાને વિકાસશીલ દેશોના યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

- તેઓ કોલકાતામાં ભારતીય આંકડાકીય સંસ્થાના ગણિતશાસ્ત્રી છે અને 'સંબંધિત બીજગણિત ભૂમિતિ' અને 'કમ્યુટેટિવ બિજગણિત'માં તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે પુરસ્કૃત થયા છે.
- રામાનુજન એવોર્ડ મેળવનાર તેઓ ત્રીજી મહિલા વ્યક્તિ છે.
- તેમને અગાઉ બીજગણિત ભૂમિતિની મૂળભૂત સમસ્યા 'ઝારિસ્કિ કેન્સલેશન' સમસ્યાને ઉકેલવા માટે વર્ષ 2014 માટે ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીનો યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## રામાનુજન એવોર્ડ

રામાનુજન એવોર્ડ વર્ષ **2005**થી દર વર્ષે વિકાસશીલ દેશોના યુવા ગણિતશાસ્ત્રીઓને આપવામાં આવે છે.

- આ એવોર્ડ 'અબ્દુસ સલામ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરેટિકલ ફિઝિક્સ' (ICTP) દ્વારા ભારત સરકારના 'ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી' (DST) અને ઈન્ટરનેશનલ મેથેમેટિકલ યુનિયન (IMU)ની સાથે સંયુક્ત રીતે આપવામાં આવે છે.
- આ પુરસ્કારનું નામ ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ પુરસ્કાર દર વર્ષે 31મી ડિસેમ્બરના રોજ વિકાસશીલ દેશોના એવા સંશોધકોને આપવામાં આવે છે જેની ઉંમર પુરસ્કારના વર્ષ સુધીમાં 45 વર્ષથી ઓછી હોય અને જેણે વિકાસશીલ દેશોમાં ઉત્કૃષ્ટ સંશોધન કર્યુ હોય.
- ગાણિતિક વિજ્ઞાનની કોઈપણ શાખામાં કામ કરતા સંશોધકો આ એવોર્ડને પાત્ર છે.
- આ પુરસ્કારને 'ICTP રામાનુજન પ્રાઈઝ' તરીકે પણ ઓળખવામાં આવે છે.



1. 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર (B)

2. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)એ નીચેના પૈકી કઈ સંસ્થાને નિરીક્ષકનો દરજ્જો આપ્યો છે ?

(A) ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) (B) ભારતીય સોલાર એલાયન્સ (BSA)

(C) યુએસએ સોલાર એલાયન્સ (USA) (D) યુ.કે સોલાર એલાયન્સ (UKSA) (A)

3. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)નું વડું મથક કયાં આવેલું છે ?

(A) ગુરૂગ્રામ (B) કોલકાતા (C) બેંગ્લોર (D) દેહરાદુન (A)

4. તાજેતરમાં વર્ષ 2021 માટેનો રામાનુજન એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) પ્રોફેસર રીતબ્રાતા મુનશી (B) ડૉ. અમલેન્દુ ક્રિષ્ના

(C) પ્રોફેસર નીના ગુપ્તા (D) પ્રોફેસર જોર્જ લોરેટ (C)

5. રામાનુજન એવોર્ડ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ એવોર્ડ વર્ષ 2005થી દર વર્ષે વિકાસશીલ દેશોના યુવા ગણિતશાસ્ત્રીઓને આપવામાં આવે છે.

(B) આ એવોર્ડનું નામ ભારતીય ગણિશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(C) આ એવોર્ડને 'ICTP રામાનુઝ પ્રાઈઝ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'વીર સાવરકર' 'ધ મેન હુ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટીશન' પુસ્તકનું વિમોચન કર્યુ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય માહિતી કમિશનર શ્રી ઉદય માહુકર અને લેખક શ્રી ચિરાયુ પંડિત દ્વારા લિખિત વીર સાવરકર 'ધ મેન હુ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટીશન' (The man who could have prevented partition) પુસ્તકનું વિમોચન કર્યુ હતું. પુસ્તકનું વિમોચન કર્યા બાદ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે રાષ્ટ્ર પુરુષ વીર સાવરકર શસ્ત્ર અને શાસ્ત્ર બંનેના ઉપાસક હતા. સમગ્ર દેશમાં આઝાદીના 75 વર્ષની ઉજવણીને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે શ્રી વીર સાવરકર ઉપર લખાયેલું પુસ્તક મહત્ત્વપૂર્ણ બની રહેશે.

## ભારત

➤ **ભારત-પાકિસ્તાન યુદ્ધ : 1971**

તાજેતરમાં નેશનલ કેડેટ કોર્પ્સ (NCC)એ 'આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે 'આઝાદીની વિજય શ્રૃંખલા અને સંસ્કૃતિ મહાસંગમ' કાર્યક્રમ આયોજિત કરવાની ઘોષણા કરી છે. 'આઝાદીની વિજય શ્રૃંખલા અને સંસ્કૃતિ મહાસંગમ' વિક્ટરી સિરીઝ ઓફ ઈન્ડિપેન્ડન્સ એન્ડ કન્ફ્યુઅન્સ ઓફ કલ્ચર' કાર્યક્રમ હેઠળ 1971ના ભારત પાકિસ્તાન યુદ્ધના નાયોકોને દેશભરના 75 સ્થળોએ સન્માનિત કરવામાં આવી રહ્યા છે. સંસ્કૃતિનો મહાસંગમ નવી દિલહીમાં એક વિશેષ રાષ્ટ્રીય એકતા શિબિરનું આયોજન કરશે, જેમાં દેશભરના ઉમેદવારો સાંસ્કૃતિક વિનિમયમાં ભાગ લેશે.

➤ **ભોપાલ અને ઈન્દોરમાં પોલીસ કમિશનરેટ સિસ્ટમ**

મધ્યપ્રદેશ સરકારે ભોપાલ અને ઈન્દોરમાં પોલીસ કમિશનરેટ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ 'એડીશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ' રેન્કના અધિકારીઓને કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવશે. પોલીસ મહાનિરીક્ષકના રેન્કના બે અધિકારીઓને અધિક પોલીસ કમિશનર તરીકે અને પોલીસ અધિક્ષકના રેન્કના આઠ અધિકારીઓને ડેપ્યુટી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવશે. કેટલાક મેટ્રોપોલિટન શહેરો અને શહેરી વિસ્તારોમાં જટિલ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધતી જતી વસતી અને ઝડપી શહેરીકરણને ધ્યાનમાં રાખીને વહીવટમાં સુધારો કરવા માટે 'ડ્યુઅલ સિસ્ટમ' વહીવટી સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. જે પોલીસ કમિશનરેટ સિસ્ટમ તરીકે ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નીતિ આયોગ જમ્મુ કાશ્મીરમાં 1000 અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરશે**

નીતિ આયોગ જમ્મુ અને કાશ્મીરમાં 1000 અટલ ટિંકરિંગ લેબ (ATC) સ્થાપવાની યોજના ધરાવે છે. નાણાકીય વર્ષ 2021-22ના અંત સુધીમાં 1000માંથી 187 અટલ ટિંકરિંગ લેબોરેટરીઝની સ્થાપના કરવામાં આવશે. 187 ATLમાંથી 31 જમ્મુ કાશ્મીરનાં સરકારી શાળાઓમાં સ્થાપિત કરવામાં આવી રહી છે. જ્યારે 50 વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે KV, JNV અને ખાનગી શાળાઓમાં સ્થાપિત કરવામાં આવશે. બાકીની 106 લેબની સ્થાપનાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

➤ **કેબિનેટે કેન-બેતવા નદીને જોડવાના પ્રોજેક્ટને મંજૂરી આપી**

6 ડિસેમ્બર, 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટે મુખ્ય ઉત્તર ભારતીય રાજ્યોની ચૂંટણીઓ પહેલા કેન–બેતવા રિવર ઈન્ટરલિંકિંગ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. કેન–બેતવા નદીને જોડતો પ્રોજેક્ટ 44,605 કરોડ રૂપિયાનો છે. આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં ફેલાયેલા બુદેલખંડ પ્રદેશમાં પાણીની અછતની સમસ્યાને હલ કરવાનો પ્રયાસ કરશે. મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના ઘણા ગરીબી પ્રભાવિત વિસ્તારોને આ પ્રોજેક્ટનો લાભ મળવાની અપેક્ષા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ટૂંક સમયમાં આ પ્રોજેક્ટનો ઔપચારિક શિલાયન્સ કરશે. કેન–બેતવા રિવર ઈન્ટરલિકિંગ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય દુષ્કાળગ્રસ્ત બુંદેલખંડ પ્રદેશમાં સિંચાઈ કરવા માટે મધ્યપ્રદેશની કેન નદીમાંથી વધારાનું પાણી ઉત્તરપ્રદેશની બેતવા નદીમાં ટ્રાન્સફર કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **માઉન્ટ સેમરુ જ્વાળામૂખી**

તાજતેરમાં ઈન્ડોનેશિયામાં સ્થિત માઉન્ટ સેમરૂ જ્વાળામૂખી (Sameru Volcano)માં વિસ્ફોટ થયો હતો. જેમાં ઓછામાં ઓછા 14 લોકો માર્યા ગયા હતા. આ જ્વાળામૂખીમાં છેલ્લે ડિસેમ્બર 2020માં વિસ્ફોટ થયો હતો. સેમરુને ‘ધ ગ્રેટ માઉન્ટેન’ તરીકે પણ ઓળખવામાં આવે છે. સેમરુ જ્વાળામૂખી એ સુંડા પ્લેટ (યુરેશિયન પ્લેટનો ભાગ)ની નીચે ઈન્ડો–ઓસ્ટ્રેલિયન પ્લેટના ઉપ–ભાગ તરીકે રચાયેલ આઈલેન્ડ આકર્સનો પણ એક ભાગ છે. અહીં બનેલી ખાઈ સુંડા ખાઈ તરીકે ઓળખાય છે, જાવા ખાઈ (Java Trench) તેનો મુખ્ય વિભાગ છે.

## વિશ્વ

➤ **અમેરિકા ઓલિમ્પિક 2022નો બહિષ્કાર કરશે**

યુએસ સરકારે તાજેતરમાં 2022ના ઓલિમ્પિકના બહિષ્કારની જાહેરાત કરી હતી. ઓલિમ્પિક 2022 બેઈજિંગમાં યોજાશે. યુએસએ કહ્યું કે 'ચીનનો માનવાધિકાર અત્યાચાર' તેના બહિષ્કારનું મુખ્ય કારણ છે. યુએસ એ આ બહિષ્કારને 'રાજદ્વારી બહિષ્કાર' ગણાવ્યો છે. રાજદ્વારી બહિષ્કાર એટલે કે યુએસ ઓલિમ્પિકમાં ભાગ લેવા માટે કોઈ સત્તાવાર અથવા રાજદ્વારી પ્રતિનિધિત્વ મોકલી રહ્યું નથી. જોકે, અમેરિકા અમેરિકન ખેલાડીઓને ઓલિમ્પિકમાં ભાગ લેવાની છૂટ આપી રહ્યું છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને પણ જાહેરાત કરી હતી કે ઓસ્ટ્રેલિયા બેઈજિંગમાં વિન્ટર ઓલિમ્પિકમાં અધિકારીને મોકલશે નહીં.

➤ **જર્મની : ઓલાફ સ્કોલ્ઝે ચાન્સેલર તરીકેનો કાર્યભાર સંભાળ્યો**

8 ડિસેમ્બર, 2021ના રોજ જર્મનીની સંસદે બીજા વિશ્વ યુદ્ધ પછી નવમા ચાન્સેલર તરીકે ઓલાફ સ્કોલ્ઝને ચૂંટયા છે. તે એન્જેલા મર્કેલના 16 વર્ષના કાર્યકાળ પછી જર્મની માટે નવા યુગની શરૂઆત તરીકે ચિહ્નિત કરે છે. જર્મનીના ચાન્સેલરને સત્તાવાર રીતે રિપબ્લિક ઓફ જર્મનીના ફેડરલ ચાન્સેલર કહેવામાં આવે છે. તેઓ જર્મનીની સંઘીય સરકારના વડા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

➤ તાજેતરમાં વીર સાવરકર 'ધ મેન હુ કુડ હેવ પ્રિવેન્ટેડ પાર્ટીશન' પુસ્તકનું વિમચોન કોણે કર્યુ હતું ?
— શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

➤ 'The Man who could Have Prevented Partition' પુસ્તકના લેખકનું નામ જણાવો ?
— શ્રી ઉદય માહુકર અને શ્રી ચિરાયુ પંડિત

➤ તાજેતરમાં માઉન્ટ સેમરૂ જવાળામુખીમાં વિસ્ફોટ થયો હતો તે કયા દેશમાં સ્થિત છે ? — ઈન્ડોનેશિયા

➤ તાજેતરમાં કયા દેશે જાહેરાત કરી હતી કે બેઈજિંગ ઓલિમ્પિકમાં તેઓ તેમના અધિકારીઓને મોકલશે નહીં ?
— યુએસએ અને ઓસ્ટ્રેલિયા

➤ 6 ડિસેમ્બર, 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટે .......... નદીને જોડવાના પ્રોજેક્ટને મંજૂરી આપી છે.
— કેન–બેતવા

➤ તાજેતરમાં જર્મનીના ચાન્સેલર તરીકેનો કાર્યભાર કોણે સંભાળ્યો છે ? — શ્રી ઓલાફ સ્કોલ્ઝે

➤ મધ્યપ્રદેશ સરકારે તાજેતરમાં કયા શહેરોમાં પોલીસ કમિશનરેટ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે ?
— ભોપાલ અને ઈન્દોર

➤ નીતિ આયોગે જમ્મુ કાશ્મીરમાં કેટલી અટલ ટિંકરિંગ લેબ સ્થાપવાની યોજના બનાવી છે ? — 1000

# Question Of this Week

1. 'ચોકલેટ–બોર્ડે ફિલ્ટર' જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે............ની તાજેતરમાં શોધાયેલી પ્રજાતિ છે.

– પતંગિયાની

2. સંસદની જાહેર હિસાબ સમિતિ (PAC)એ તાજેતરમાં તેની સ્થાપનાના કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે ? – 100

3. તાજેતરમાં સુશ્રી આંગ સાન સૂ કીને 4 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. તે કયા દેશના રાજકીય નેતા છે ?

– મ્યાનમાર

4. સિપ્રિયન ફોયાસ પુરસ્કાર કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – ગણિત

(પ્રસિદ્ધ ભારતીય–અમેરિકન ગણિતશાસ્ત્રી શ્રી નિખિલ શ્રીવાસ્તવને 5000 ડોલરના સિપ્રિયન પ્રાઈઝ માટે સંયુક્ત રીતે પસંદ કરવામાં આવ્યા છે. ઓપરેટર થિયરીમાં તેમના યોગદાન માટે અમેરિકન મેથેમેટિક્લ સોસાયટી (AMS) દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું છે. પ્રોફેસર શ્રીવાસ્તવ સાથે અન્ય બે પુરસ્કારો એડમ માર્કસ અને ડેનિયલ સ્પીલમેન છે.)

5. 22મી મિસાઈલ શિપ સ્કવોડ્રન (કિલર સ્કવોડ્રન)ની ઔપારિક રીતે કયાં સ્થાપના કરવામાં આવી હતી ? – મુંબઈ

(22મી મિસાઈલ શિપ સ્કવોડ્રનની ઔપચારિક રીતે ઓક્ટોબર 1991માં મુંબઈ ખાતે સ્થાપના કરવામાં આવી હતી. ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા 22મી મિસાઈલ શિપ સ્કવોડ્રોનને 'રાષ્ટ્રપતિ સ્ટાન્ડર્ડ' (લશ્કરી એકમને આપવામાં આવતું સન્માન) એનાયત કર્યુ હતું.)

6. તાજેતરમાં કયા રાજયએ 'આત્મનિર્ભર ખેડૂત સંકલિત વિકાસ યોજના' લાગુ કરવાની મંજૂરી આપી છે ?

– ઉત્તરપ્રદેશ

7. કોન્યાક જે તાજેતરમાં સમાચારમાં હતું, તે ભારતના કયા રાજ્યની સૌથી મોટી જનજાતિ છે ? – નાગાલેન્ડ

8. ભારતીય નૌકાદળ દ્વારા તાજેતરમાં લોન્ચ કરાયેલ 'સંધ્યાક' શું છે ? – સર્વે શિપ

(ભારતીય નૌકાદળે કોલકાતામાં ચાર મોટા સર્વેક્ષણ જહાજોમાંથી પ્રથમ શિપ 'સંધ્યાક'ને લોન્ચ કરવામાં આવ્યું છે. આ સર્વેક્ષણ જહાજોની પ્રાથમિક ભૂમિકા બંદરોના દરિયાકાંઠાના અને ઊંડા પાણીના હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણો હાથ ધરવાની છે.)

9. 'મિન્સક કરાર' જે તાજેતરમાં સમાચારમાં રહ્યું હતું, તે કયા દેશ સાથે સંકળાયેલ છે ? – યુક્રેન

10. કયા દિવસે 'સાર્ક ચાર્ટર દિવસ'નું આયોજન કરવામાં આવે છે ? – 8 ડિસેમ્બર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** 8 ડિસેમ્બર, 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટે ‘પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ (PMAY-G)’ યોજનાને ..................... સુધી લંબાવવાની મંજૂરી આપી છે. – માર્ચ, 2024


**12.** કોવિડ દરમિયાન સીમલેસ હવાઈ મુસાફરી માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ પોર્ટલનું નામ શું છે ? – Air Suvidha

**13.** તાજેતરમાં કઈ અવકાશ એજન્સીએ તેનું ‘લેસર કોમ્યુનિકેશન્સ રિલે ડેમોન્સ્ટ્રેશન (LCRD)’ લોન્ચ કર્યુ છે ? – NASA

**14.** ‘વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ 2021’ અનુસાર 2020માં મેલેરિયાથી મૃત્યુ પામનારાઓની અંદાજિત સંખ્યા કેટલી છે ? – 6.27 લાખ

**15.** ESG રિપોર્ટ લોન્ચ કરનાર ભારતમાં પ્રથમ એરલાઈન કઈ છે ? – ઈન્ડિગો

**16.** વર્ષ 2021 સુધીમાં વિશ્વની સૌથી મૂલ્યવાન એડટેક કંપની (edtech company) કઈ છે ? – Byju's



The King of the King


# કાયદો

LATEST EDITION

25% SPECIAL OFFER

## બંધારણ, IPC, CRPC, EVIDENCE

- ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના તમામ લેટેસ્ટ કાયદાકીય સુધારાઓને આવરી લેતું કાયદાનું પુસ્તક
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશક્તિ સાથે અભ્યાસ
- તમામ ટોપિકની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.
- પરીક્ષાલક્ષી મહત્ત્વની કલમોની યાદી
- કઈ કલમમાંથી કયા પ્રકારનો પ્રશ્ન પુછાઈ શકે છે તેનાથી વિદ્યાર્થીઓ માહિતગાર થઈ શકે એ માટે 500થી વધુ પરીક્ષાલક્ષી પ્રશ્ન-જવાબની યાદી પણ આપવામાં આવી છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP

joinicerajkot.com

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT